47

ISSN 2454 - 7069

# अरावली प्रभा

साहित्यसंस्कृति-संशोधन संवाही

अंक २ अगस्त - २०१६




सम्पादक : गौरांगशरणदेवाचार्य

Scanned with CamScanner

RNI Ragi. No.
GUJHIN 2014/63318

मासिक पत्रिका

# अरावली प्रभा

साहित्य-संस्कृति-संशोधन संवाही

वर्ष-3, अंक-2
01- अगस्त -2016

संरक्षक :
डॉ. विनोद बब्बर

संपादक :
डॉ. गौरांगशरणदेवाचार्य
(मो. : 094291 79854)

संपादक मण्डल :
डॉ. प्रेमजी पटेल
डॉ. राकेशकुमार जोशी
डॉ. आरती चौधरी

संपादकघर :
डॉ. गौरांगशरणदेवाचार्य
श्री पंचमुखी हनुमान मन्दिर
पोस्ट बोक्स नं 11
हिम्मतनगर - 383 001
जि० साबरकांठा (गुजरात)

छूटक मूल्य : 30 रुपये
वार्षिक मूल्य : 500 रुपये
आजीवन : 3100 रुपये

अरावलीप्रभा के स्वामी / प्रकाशक / मुद्रक गौरांगशरणदेवाचार्यने शब्दम् मुद्रणालय, ग्रा.पो. सवगढ़, जि. साबरकांठा से मुद्रीत कराकर अपने कार्यालय - श्रीराधागोविन्ददेवधाम,पंचमुखी हनुमान मंदिर, पोस्ट बोक्स नं. ११ से प्रकाशित किया । सम्पादक : गौरांगशरणदेवाचार्य
E-mail : aravalliprabhamonthly@gmail.com



सम्पादकीय... २
गरजे घटा घन कारे री कारे, पावस रुत आई... — श्यामा प्रसाद नियोगी ४
महाभारत में लोक के स्वास्थ्यवर्धन की राजकीय योजनाएं — डॉ. प्रज्ञा जोगेश जोषी ६
"महाभारत में धर्म, नैतिकता और राजनीति" — डो. करुणा त्रिवेदी ११
महाभारत में निरूपित-राजधर्म की सांप्रत समयमें उपादेयता — डो. रीटा पारेख १५
आधुनिक भावबोध के परिप्रेक्ष्य में : अन्धायुग — डॉ. शिरीन एम. शेख १७
महाभारत के शान्तिपर्व में आचारमीमांसा — उमेशकुमार आर. अवस्थी १९
द्रोपदीની મનોવેદના — ડો. રૂપા ભટ્ટ २६
આધુનિક સમય અને સમાજના સંદર્ભે મહાભારતના... — નટવર હેડાઉ २७
મહાભારતકાળમાં અતિથિસત્કાર તેમજ શરણાર્થીની... — ડો. સુરેશભાઈ એસ. પટેલ ३१
સર્વદર્શનસંગ્રહ :- દર્શનશાસ્ત્રોનું પ્રવેશદ્વાર — પ્રા. ડો. એ. પી. સોલંકી ३३
પર્યાવરણકાવ્યમાં સમસ્યા-સમાધાન — પ્રા. ડો. આર. એન. જોષી ३६
અથર્વવેદના ભૂમિસૂક્તમાં પર્યાવરણ એક વિશ્લેષણ — ડો. દક્ષા કે. જોષી ३८
ભારતની રાષ્ટ્રીય ચળવળમાં ગુજરાતની... — પ્રા. ડો. જસરાજભાઈ જી. ચૌધરી ४१
મહાભારતમાં નિરૂપિત ગાંધારી — ડો. સુરેખા કે. પટેલ ४४
સાંપ્રત સમયમાં જીવનમૂલ્યોનું સંશોધન ગીતા — પ્રા. ડો. એન. બી. વાઘેલા ४७



Scanned with CamScanner

■ ડો. સુરેખા કે. પટેલ

# મહાભારતમાં નિરૂપિત ગાંધારી

ધર્મના વિશ્વકોશ સમો 'મહાભારત' ગ્રંથ સંસ્કૃત સાહિત્યની અમૂલ્ય નિધિ છે. મહર્ષિ વેદવ્યાસ દ્વારા પ્રજ્જ્વલિત એવો જ્ઞાન દીપક છે કે જેણે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી છે. ભારતની ઉજ્જવળ જ્ઞાન પરંપરાના અમૃત સ્મારક સમા 'મહાભારત' ગ્રન્થમાં ભારતની ઐતિહાસિક, ધાર્મિક નૈતિક અને દાર્શનિક આદર્શોની અમૂલ્ય નિધિ સંચિત છે. આ ગ્રન્થની શ્રેષ્ઠતા તેનાં આંતરિક પ્રમાણોથી જ થઈ જાય છે.-

'नवनीतं यता दध्नो द्विपदां
ब्राह्मणो यथा ।
ह्रदानामुदधिः श्रेष्ठो गौर्वनिष्ठा
चतुष्पदाम्' ।
यथैतानि वरिष्ठानि तथा
भारतमुच्यते ॥
(महाभारत : १/१/२०१-२)

અર્થાત્ 'જેમ દહીંમાં માખણ, મનુષ્યોમાં બ્રાહ્મણ, જળાશયોમાં સમુદ્ર અને ચતુષ્પાદોમાં ગાય શ્રેષ્ઠ છે, તેવી જ રીતે સમસ્ત ઇતિહાસમાં આ 'મહાભારત' (ગ્રન્થ) શ્રેષ્ઠ છે.

'મહાભારત'ના વિષય વૈવિધ્યની સાથે સાથે કદની દૃષ્ટિએ કહીએ તો ગ્રીકનાં 'ઇલિયડ' અને 'ઓડેસી' બંને કાવ્યો ભેગાં કરીએ તો પણ તેના આઠ ઘણા જેટલો કદ વિસ્તાર છે. તેથી કદની દૃષ્ટિએ 'મહાભારત' સંસારનું સૌથી મોટું કાવ્ય છે.

મૂળ મહાભારતના રચયિતા વ્યાસ હતા. પરંતુ તેનાં જય, ભારત અને મહાભારત એમ ત્રણ સંસ્કરણો થયાં. પ્રારંભે 'જય' સંહિતામાં ૮,૮૦૦ શ્લોક હતા. 'ભારત' માં ૨૪,૦૦૦ અને કાળાન્તરે એક લાખ શ્લોક સંખ્યા ધરાવતું 'મહાભારત' કે 'शतसाहस्त्री' કહેવાયું.

'મહાભારત'માં માનવસંસ્કૃતિનાં પ્રત્યેક પાસાંનું ચિત્રણ છે. આમાં કાવ્ય છે, રાજનીતિ છે, દર્શન છે, ધર્મ છે, તો અધર્મ પણ છે, નૈતિકતા છે તો અનૈતિકતા પણ છે, ત્યાગ છે તો લોભ (સ્વાર્થ) પણ છે, નીતિ છે તો અનીતિ પણ છે. માનવ મનના પ્રત્યેક ચિરંતન આન્તર્દ્વન્દનું એવું ચિત્રણ છે, જે પ્રત્યેક યુગનું સત્ય છે. આ ગ્રંથમાં સંપૂર્ણ માનવ જાતિનો અતીત પણ છે, વર્તમાન પણ છે અને ભવિષ્યમાં બનનારી ઘટનોઓનું સૂચન પણ આત્મમંથન અને આન્તર્દ્વન્દ બીજરૂપ છે.

મહાભારતકારે, 'મહાભારત' ગ્રંથના માધ્યમરૂપે અંધરાજા ધૃતરાષ્ટ્રને તેની વિકૃત મનોવૃત્તિઓ અને પથભ્રષ્ટ રાજ્ય વ્યવસ્થાનું પ્રતીક બનાવ્યું છે, જે સત્તા લોભ કે સંતાન મોહના અતિરેકને કારણે વિવેકહીન બની જાય

---

પૂરો કર્યો હતો.

આ લાઠીમારમાં ૧૦૦-૧૫૦ ભાઈ-બહેનોને ઈજા થઈ હતી. એક બહેન અને બે ભાઈઓને સખત ઈજા થઈ હતી. શ્રી ભક્તિલક્ષ્મીબેન, આશ્રમવાળાં શ્રી ગંગાબેન વૈદ્ય, શ્રી વસુમતીબેન તથા બોરસદ તાલુકા સમિતિના મંત્રી નારાયણભાઈને પકડી બીજા બધાને છોડી મૂકવામાં આવ્યા હતા. વસુમતીબહેન પણ ગાંધીજીના આશ્રમમાં રહેતા હતા. તેમનો પણ ચોટલો પકડીને માર્યા હતા. આ આશ્રમના બીજા એક બહેન લક્ષ્મીબહેન પાસેથી રાષ્ટ્રધ્વજ છોડાવવા ચાર પોલીસ તેમના પર તુટી પડ્યા હતા. એક પોલીસે તેમને અસહ્ય માર માર્યો હતો તે વીરબાળાએ છેવટ સુધી રાષ્ટ્રધ્વજના ટુકડા છોડ્યા નહીં. ધન્ય છે આ હિંદની નારી ને

● સમાપન :-

ટૂંકમાં કહીએ તો ભારતનો ઈતિહાસ અને આઝાદી માટે કરેલી લડતોની ઝાંખી વિશ્વના ઈતિહાસમાં પણ જોવા મળે છે. ભારતમાં થયેલી આ ચળવળમાં ગુજરાતની સ્ત્રીઓ મોખરે રહીને ગુજરાતમાં અંગ્રેજો સામે બળવો પોકાર્યો જે સ્ત્રીઓ ક્યારેય ઘરની ચાર દિવાલમાંથી બહાર નીકળતી ન હતી. તેઓએ પોતાના રસોઈના સાધનોને પડતા મૂકી સ્વતંત્રતા આંદોલનમાં બંદૂકો-લાકડીઓ લઈ કૂદી પડી. આવી વીર વીરાંગનાઓને આપણે કદાપી ભુલી જ ન શકીએ. તેઓનું નામ ગુજરાતના ઈતિહાસમાં પણ સુવર્ણ અક્ષરે અંકિત છે.


| સંદર્ભગ્રંથો | પ્રકાશક |
|---|---|
| ૧. માનવ પુષ્પોની મહેક | - વનરાજ પટેલ |
| ૨. ભારતમાં સામજિક અને ધાર્મિક ચળવળો | - યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ |
| ૩. આઝાદીની સુવર્ણ જંયતિ વિશેષાંક | - ગુજરાત રાજ્ય દફતર |
| ૪. ગુજરાત સંભારણાં સ્વાતંત્ર્ય પર્વ | - માહિતીખાતું ગુજરાત રાજ્ય |



ISSN 2454 - 7069


Scanned with CamScanner